
નનકવાડા, વલસાડ



(તસવીર: હેમંત ડેરે)


ગીરાધોધ હાલમાં

ગીરાધોધ બે દિવસ પહેલા

(તસવીર: ગીરીશ ભોયે)

## વરસાદે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં તબાહી મચાવી, વાલોડમાં બે તણાયા જ્યારે ધરમપુરમાં મકાન પડતાં એકનું મોત

# વઘઈમાં 14.4, વલસાડમાં બે કલાકમાં 6.75 ઈંચ વરસાદ

**બી.ડી.સી. એ.નું મેદાન તળાવ જેવું બની ગયું**

**સાપુતારા રોડ ઉપર અનેક સ્થળે ભુસ્ખલન અને પથ્થરો પડવાની ઘટના**

**મુંબઈ અમદાવાદ હાઇવેના ચંદ્રપુર નજીક પાણી ફરી વળ્યા**

સુરતઃ ડાંગ જિલ્લામાં વરસાદે હાહાકાર મચાવી દીધો છે. વઘઇમાં 24 કલાકમાં 14.4 ઈંચ વરસાદ પડતાં દરેક નદીઓ તોફાને ચડી હતી. તો બીજી તરફ વલસાડમાં બે કલાકમાં જ પોણાસાત ઈંચ પાણી ઝીંકાતા ઠેર ઠેર પાણીનો ભરાવો થયો હતો. ડાંગની વાત કરીએ તો 37થી વધુ કોઝવે બંધ થઇ જતાં 50થી વધુ ગામને અસર પહોંચી હતી. સાપુતારા માર્ગ પર ભૂસ્ખલ અને પથ્થરો પડવાની ઘટના બની હતી. ડાંગાના અધિકારીઓ અને સરકારી કર્મચારીઓને મુખ્યમથક નહીં છોડવા આદેશ આપી દેવામાં આવ્યો છે. વલસાડમાં પણ ઠેર ઠેર તારાજીના દ્રશ્યો જોવા મળ્યાં હતાં. સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વરસાદના કારણે ત્રણના મોત થયા હતાં. મુંબઈ અમદાવાદ હાઇવેના ચંદ્રપુર નજીક પાણી ફરી વળતા સુરત - મુંબઇ હાઇવે પર વાહન વ્યવહાર ખોરવાઇ ગયો હતો. બી.ડી.સી.એ. સ્ટેડિયમના ગ્રાઉન્ડ પર પાણી ભરાતાં મેદાન તળાવ જેવું બની ગયું હતું. સલામતિના કારણે વલસાડની શાળાઓમાં રજા જાહેર કરી દેવામાં આવી હતી. બીલીમોરામાં શાળાઓમાં રજા આપી દેવાઇ હતી જ્યારે રેલવેની 60 ફૂટની દિવાલ તૂટી પડી હતી. વરસાદના કારણે દક્ષિણ ગુજરાતમાં ત્રણનાં મોત થયાં હતાં. વાલોડના દોડકીયા ફળિયામાં રહેતા બે પિતરાઈ ભાઈઓ કમલેશ ખંડુભાઈ ચૌધરી તેમજ નિતેશ દિલીપભાઇ ઘર નજીક આવેલ ગરનાળા નજીક ગયા હતા. ત્યાં તણાઇ જતાં બંનેના મૃતદેહ મળી આવ્યા હતા. આ ઉપરાંત ધરમપુરના ધામણીમાં મકાન તૂટી પડતા ધાકળ કેસરેનું મોત થયું હતું

## સુરત જિલ્લાના 24 રસ્તા બંધ, 3 કોઝવે ડૂબ્યા

સુરતઃ સુરત જિલ્લામાં સતત વરસી રહેલા ભારે વરસાદની અસર હવે ગ્રામ્ય માર્ગ વ્યવસ્થા પર પણ સ્પષ્ટ જોવા મળી રહી છે. નદી-નાળાઓમાં આવેલા નવા નીર અને કોઝવે પર પાણી ફરી વળતાં જિલ્લાના અંબિકા, મહુવા અને બારડોલી તાલુકાના પંચાયત હસ્તકના કુલ 24 આંતરિક તથા ગ્રામ્ય માર્ગો વાહનવ્યવહાર માટે બંધ કરવાની ફરજ પડી છે. જિલ્લા વહીવટી તંત્રે જાહેર સુરક્ષાને ધ્યાનમાં રાખીને અસરગ્રસ્ત માર્ગો પરથી અવરજવર ટાળવા અને જાહેર કરાયેલા વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા લોકોને અપીલ કરી છે. સૌથી વધુ અસર અંબિકા તાલુકામાં જોવા મળી છે, જ્યાં કુલ 12 રસ્તાઓ પર પાણી ફરી વળતાં વાહનવ્યવહાર બંધ કરવામાં આવ્યો છે. મહુવા તાલુકામાં 7 અને બારડોલી તાલુકામાં 5 માર્ગો હાલ વાહનવ્યવહાર માટે બંધ છે.

■ સાપુતારા-વઘઇ માર્ગ પર પાણી ફરી વળ્યા ■ ધરમપુરની માનનદી પરનો આંબોસી-ભવઠાણ પુલ ડૂબ્યો ■ ઉમરગામ તાલુકામાં કરંટ લાગતા ભેંસનું મોત ■ ધોબી તળાવ વિસ્તારમાં 100થી વધુ ઘરોમાં પાણી ભરાયા ■ એમ જી.રોડ, તિથલ રોડ, રામવાડીની દુકાનોમાં પાણી ફરી વળ્યા ■ છીપવાડ રેલવે ગરનાળામાં પાણી ભરાતા વાહનવ્યવહાર બંધ ■ વલસાડની શાળાઓમાં રજા જાહેર કરી દેવાઇ ■ માંડવીના વજીર ફળિયામાં દત્ત મંદિર જતા માર્ગ પર પાણી ભરાયા ■ ઉમરા ગામનો મધર ઇન્ડિયા ડેમ પણ છલકાઈ ગયો છે ■ વ્યારાના સિંગી ફળિયા અને કાનપુરા વિસ્તારમાં ઠેર ઠેર પાણી ભરાયા ■ બારડોલીમાં ૭૪ કરોડના ખર્ચે બનેલો તાપીપુલમાં ઉદ્ઘાટન પહેલા જ તિરાડો ■ કામરેજ ચાર રસ્તા થી ખોલવડ જતા સર્વિસ રોડ પર ફરી વાર ઘૂંટણ સમા પાણી ભરાઈ ■ કીમની સાધના હોસ્પિટલમાં પાણી ICU સુધી પહોંચી જતાં દર્દીને રજા આપવી પડી ■ ગણદેવી માં ૦૮ માર્ગો ઉપર પાણી વહેતા આવાગમન ઉપર અસર ■ બીલીમોરા ની મહત્તમ શાળાઓમાં રજા જાહેર કરી દેવામાં આવી ■ બીલીમોરામાં ૬૦ ફૂટ લાંબી રેલવેની દિવાલ તૂટી પડી ■ દેવસર અને વેંકટેશનગરમાં પાણી ભરાયા હતા. ■ સમરોલીમાં કાલાખાડીમાં મકાનોમાં પાણી ભરાયા ■ ચીખલીમાં વકીલોએ બાર રૂમમાં છત્રી લઇને બેસવાની નોબત આવી ■ નવસારી જિલ્લા 63 માર્ગો વાહનવ્યવહાર માટે બંધ

## સુરત જિલ્લાના અંબિકા તાલુકામાં 12 કલાકમાં 14.45 ઇંચ વરસાદ

**4 જુલાઇ સુધી રેડ એલર્ટ યથાવત**

**7 જુલાઇ સુધી વરસાદની આગાહી**

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં ગઈકાલથી શરૂ થયેલો ભારે વરસાદ આજે પણ યથાવત રહ્યો છે. જિલ્લામાં સૌથી વધુ વરસાદ અંબિકા તાલુકામાં નોંધાયો છે. અહીં માત્ર 12 કલાકના ગાળામાં જ 14.45 ઇંચ વરસાદ વરસતા નદીઓ, નાળાઓ અને નીચાણવાળા વિસ્તારોમાં પાણીની આવક વધી ગઇ છે.

જ્યારે સમગ્ર જિલ્લામાં સૌથી ઓછો વરસાદ ઓલપાડ તાલુકામાં 0.76 ઇંચ નોંધાયો છે. ભારતીય હવામાન વિભાગે સુરત સહિત દક્ષિણ ગુજરાત માટે 4 જુલાઇ સુધી ભારેથી અતિભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કર્યું છે. સાથે જ આગામી 7 જુલાઇ સુધી વરસાદી માહોલ યથાવત રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

| તાલુકો | વરસાદ (ઈંચમાં) |
|---|---|
| અંબિકા | 14.45 |
| મહુવા | 6.00 |
| માંગરોળ | 5.84 |
| માંડવી | 5.36 |
| બારડોલી | 5.00 |
| કામરેજ | 4.00 |
| ઉમરપાડા | 4.00 |
| અરેઠ | 3.00 |
| પલસાણા | 3.00 |
| સુરત | 1.40 |

### રેડ એલર્ટ વચ્ચે સુરત જિલ્લાનું તંત્ર સંપૂર્ણ સતર્ક

## 4 જુલાઇ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી વચ્ચે 24x7 કંટ્રોલ રૂમ કાર્યરત

**NDRF-SDRF ટીમો તૈનાત, નાગરિકોને સાવચેતી રાખવા કલેક્ટરની અપીલ**

**હાલ જિલ્લામાં પૂરની સ્થિતિ નહીં, છતાં જળાશયો અને નદીઓ પર સતત નજર**

સુરતઃ ભારતીય હવામાન વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાત સહિત સુરત જિલ્લામાં તા. ૪ જુલાઇ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જે અંગે જિલ્લા કલેક્ટર તેજસ પરમારે જણાવ્યું હતું કે હાલ જિલ્લામાં પૂરની કોઈ પરિસ્થિતિ નથી, છતાં આગાહીને ધ્યાનમાં રાખીને દરેક પ્રકારની પૂર્વ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, હાલ જિલ્લામાં આવેલી તમામ નદીઓ, ડેમો અને જળાશયો ભયજનક સપાટીથી નીચે છે અને પૂર જેવી કોઈ સ્થિતિ સર્જાઈ નથી. તેમ છતાં તમામ જળાશયો અને નદીના જળસ્તર પર સતત નજર રાખવામાં આવી રહી છે જેથી કોઈપણ પરિસ્થિતિમાં તાત્કાલિક નિર્ણય લઈ શકાય. તાજેતરના વરસાદને કારણે કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી, પરંતુ સંબંધિત વિભાગોએ ઝડપી કામગીરી કરીને મોટાભાગના વિસ્તારોમાંથી પાણીનો નિકાલ કરી દીધો છે. હાલ જિલ્લામાં કોઈ જાનહાનિ કે મોટા પાયે નુકસાન નોંધાયું નથી. તેમણે નાગરિકોને અપીલ કરતાં જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં ભારે વરસાદની સંભાવના હોવાથી બિનજરૂરી મુસાફરી ટાળવી, નદી-નાળા, કોઝવે તથા પાણી ભરાયેલા રસ્તાઓ પાર કરવાનો પ્રયાસ ન કરવો તેમજ વીજળીના થાંભલા, જોખમી વૃક્ષો અને ઢીલા હોર્ડિંગ્સથી દૂર રહેવું જોઈએ. કોઈપણ ઇમરજન્સી સર્જાય તો જિલ્લા કંટ્રોલ રૂમ અથવા સ્થાનિક તંત્રનો તાત્કાલિક સંપર્ક કરવા અનુરોધ કર્યો હતો.

■ **ઓલપાડ ખાતે NDRFની એક ટીમ મૂકવામાં આવી** ■ **માંગરોળ ખાતે SDRFની એક ટીમ તૈનાત કરવામાં આવી છે.**

| વરસાદ ઈંચમાં | વઘઇ | સુબિર | ચીખલી | ડોલવણ | વલસાડ | આહવા | વાલોડ | સાપુતારા | ગણદેવી | વ્યારા | પારડી | કપરાડા | ધરમપુર | વાપી | વાલિયા | નાનાપોંઢા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | 14.4 | 12.48 | 11.52 | 11.48 | 10.75 | 9.16 | 09 | 8.76 | 8.12 | 6.88 | 6.46 | 6.38 | 9.91 | 4.69 | 4.50 | 4.45 |

### આજે આંતરરાષ્ટ્રીય સહકાર દિવસ

# સુરતનું સોંસક આખા ભારતમાં સહકારી પ્રવૃત્તિનું પ્રેરણાસ્ત્રોત

**ગુજરાતની** પ્રથમ સહકારી મંડળી, સોંસક વિવિધ કાર્યકારી સહકારી મંડળીની સ્થાપના 1909માં પુરુષોત્તમ પટેલે કરી હતી

**સવા** સદી જૂની સંસ્થા પછી 105 વર્ષ જૂની સંસ્થા 1921માં સોંસક ગ્રુપ કોટન સહકારી મંડળી બની.એ પછી 1934માં પુરુષોત્તમ ફાર્મર્સ સહકારી મંડળી બની

**સહકારી ક્રાંતિની સમયરેખા**

- **સોંસક વિવિધ કાર્યકારી સહકારી મંડળી 1909:**
- ખેડૂતોને સાહુકારોના પંજામાંથી મુક્ત કરવા અને વ્યાજબી દરે ખેતી વિષયક ધિરાણ (લોન) આપવા માટે ભારતની આ સર્વપ્રથમ મંડળીની સ્થાપના થઈ.
- **સોંસક ગ્રુપ કોટન સહકારી મંડળી 1921:**
- ધિરાણ મળ્યા પછી કપાસના પાકને વચેટિયાઓથી બચાવીને સીધો જ બજારમાં સારા ભાવે વેચવા માટે આ માર્કેટિંગ સહકારી મંડળીની શરૂઆત કરવામાં આવી.
- **પુરુષોત્તમ ફાર્મર્સ સહકારી મંડળી 1934:**
- માત્ર કાચો કપાસ વેચવાને બદલે તેનું ઓદ્યોગિક પ્રોસેસિંગ (જીનિંગ અને પ્રેસિંગ) ખેડૂતો જાતે જ કરી શકે તે માટે પોતાની સહકારી જીનની સ્થાપના થઈ.

સુરતઃ દર વર્ષે જુલાઈ મહિનાના પ્રથમ શનિવારે આંતરરાષ્ટ્રીય સહકાર દિવસ (International Day of Cooperatives) ઉજવવામાં આવે છે. આ દિવસનો મુખ્ય ઉદ્દેશ્ય સહકારી સંસ્થાઓની ઉપલબ્ધિઓ ઉજવવાનો, સહકારી આંદોલનની વૈશ્વિક જાગૃતિ વધારવાનો અને આંતરરાષ્ટ્રીય એકતા, આર્થિક કાર્યક્ષમતા તેમજ સમાનતાને પ્રોત્સાહન આપવાનો છે.

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાનું સોંસક ગામ માત્ર ગુજરાત જ નહીં, પરંતુ સમગ્ર ભારતભરમાં સહકારી પ્રવૃત્તિનું ગૌરવશાળી પ્રેરણાસ્ત્રોત છે. બ્રિટિશ શાસન દરમિયાન જ્યારે ખેડૂતો સાહુકારોના વ્યાજના ચક્રવ્યૂહ અને વચેટિયાઓના શોષણથી પીડાતા હતા, ત્યારે પુરુષોત્તમદાસ હરિભાઈ પટેલે સહકારી ભાવનાનો પાયો નાખ્યો હતો. ભારતની અને ગુજરાતની પ્રથમ સહકારી મંડળી સોંસક વિવિધ કાર્યકારી સહકારી મંડળી ઓલપાડ સુરતની સ્થાપના 1909 માં પુરુષોત્તમ પટેલે કરી હતી.સોંસક વિવિધ કાર્યકારી સહકારી મંડળી ઓલપાડ સુરત પછી 1921 માં સોંસક ગ્રુપ કોટન સહકારી મંડળી બની.એ પછી 1934 માં પુરુષોત્તમ ફાર્મર્સ સહકારી મંડળી બની.આ ત્રણે સંસ્થાઓ હાલ કાર્યરત છે.ગુજરાતની સૌથી જૂની સહકારી મંડળીઓ ગણાય છે. ત્રણેય સંસ્થાઓએ ક્રમશઃ ખેડૂતોને આર્થિક આઝાદી અપાવવામાં બહુ મોટી ભૂમિકા ભજવી છે. આજે ૧૦૦ થી ૧૨૫ થી પણ વધુ વર્ષો વિતી ગયા હોવા છતાં આ ત્રણેય સંસ્થાઓ ખોટ કર્યા વિના, સંપૂર્ણ પારદર્શકતાથી આજે પણ ધમધમી રહી છે. ગુજરાતમાં આજે જે અમૂલ (AMUL), સુમુલ (SUMUL) કે સહકારી ખાંડ કારખાનાઓનું મજબૂત માળખું જોવા મળે છે, તેનું હાર્દ આ સોંસકના સફળ પ્રયોગમાં છુપાયેલું છે તેમ સુરત જિલ્લાના ખેડૂત અને સહકારી આગેવાન જયેશભાઈ એન.પટેલ (દેલાડ)એ જણાવ્યું હતું.

**અનુસંધાન**... પાના છેલ્લાનું

**CA ફાઉન્ડેશન...**

વિદ્યાર્થીઓ સફળ થતાં ૮૬.૬૭ ટકાનું પરિણામ નોંધાયું છે. સાથે જ વંદન બિહાની (AIR-૧૦) સુરતમાં પ્રથમ સ્થાન અને ધીર મુરારકા (AIR-૧૧) સુરતમાં બીજો ક્રમ મેળવ્યો છે. ઉપરાંત રવિ છાવછરીયા ઇન્સ્ટિટ્યૂટમાંથી બે વિદ્યાર્થીઓ સુરત ટોપરમાં આવ્યા છે. જેમાં ઇસ્માઈલ ઇબ્રાહીમભાઈ મહેસરીએ સુરતમાં ત્રીજો ક્રમ અને નિરંજન ટંડેલએ સુરતમાં ચોથો ક્રમ મેળવી શહેરનું નામ રોશન કર્યું છે. આરસીઆઈના 180થી વધુ વિદ્યાર્થીઓ સીએ ફાઉન્ડેશનમાં સફળતા મેળવી છે.

# ખાડીમાં કેમિકલ: પલસાણા એન્વાયરોને નોટિસ

**પલસાણામાં** સ્પેન્ટ એલ્યુમિનિયમ ક્લોરાઈડના ઉપયોગથી ખાડીએ લાલ પાણી ઓંકતા પોલ ખૂલી

**ખાડીમાંથી** લાલ રંગનું કેમિકલયુક્ત પાણી બહાર આવતાં લોકોમાં ભયનો માહોલ

**નોટિસ** ફટકારવાની સાથે GPCBએ તપાસ શરૂ કરી

સુરતઃ પલસાણા તાલુકાના કડોદરા નજીક આવેલી પલસાણા એન્વાયરો પ્રોટેક્શન લિ.ની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. મુશળધાર વરસાદે પલસાણા એન્વાયરો પ્રોટેક્શન લિ.ની કામગીરીની પોલ ખોલતા જીપીસીબીએ તપાસ શરૂ કરી છે. આ બેદરકારી માટે જીપીસીબીએ PEPLને નોટિસ આપી છે.

ટેક્સટાઈલ ઉદ્યોગોના ગંદા અને કેમિકલયુક્ત પાણીની શુદ્ધિકરણ માટે કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ચલાવતી આ સંસ્થાની કાર્યક્ષમતા પર ગઈકાલે પડેલા મુશળધાર વરસાદે પ્રશ્નાર્થ ઊભો કર્યો છે. ભારે વરસાદ બાદ પલસાણા, કડોદરા અને બારડોલી વિસ્તારની ખાડીઓમાંથી લાલ રંગનું કેમિકલયુક્ત પાણી બહાર આવતાં સ્થાનિકોના જણાવ્યા મુજબ વરસાદી પાણી સાથે ખાડીઓમાંથી વહેતું લાલ રંગનું પાણી દુર્ગંધયુક્ત અને કેમિકલમિશ્રિત હોવાનું જણાયું હતું.

ગ્રામજનોનો આક્ષેપ છે કે આવા કેમિકલયુક્ત પાણીના સંપર્કમાં આવવાથી ચામડી પર બળતરા, ખંજવાળ તેમજ અન્ય ચામડી સંબંધિત તકલીફો થઈ રહી છે. આ સમગ્ર ઘટનાને ગંભીરતાથી લઈને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા તાત્કાલિક તપાસ શરૂ કરવામાં આવી છે. સ્થળ પર અધિકારીઓએ મુલાકાત લઈને સમગ્ર ઘટનાની વીડિયોગ્રાફી કરાવી છે અને પ્રાથમિક તપાસનો અહેવાલ ગાંધીનગર સ્થિત વડી કચેરીને મોકલવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. પ્રાથમિક તબક્કે સામે આવેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જીપીસીબીએ પલસાણા એન્વાયરો પ્રોટેક્શન લિ.ને કારણદર્શક નોટિસ ફટકારી છે.

**PEPL પાસે પ્રદૂષણ અટકાવવાની સ્પષ્ટતા મંગાઈ**

કંપનીએ ગંદા પાણીના યોગ્ય શુદ્ધિકરણ અને નિકાલ અંગે શું પગલાં લીધા હતા તેમજ ભારે વરસાદ દરમિયાન પ્રદૂષણ અટકાવવા માટે કઈ વ્યવસ્થા કરવામાં આવી હતી તે અંગે સ્પષ્ટતા માંગવામાં આવી છે. કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટનો મુખ્ય હેતુ ઉદ્યોગોમાંથી નીકળતા ગંદા અને ઝેરી પાણીને શુદ્ધ કરીને જ પર્યાવરણમાં છોડવાનો છે.

**સ્પેન્ટ એલ્યુમિનિયમ ક્લોરાઈડનો ગેરવપરાશ**

પલસાણા ઔદ્યોગિક વિસ્તારમાં આવેલી કોમન ઇફ્લ્યુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (CETP)માં પાણી શુદ્ધિકરણ માટે માત્ર પ્યોર એલ્યુમિનિયમ ક્લોરાઈડનો જ ઉપયોગ થવો જોઈએ, પરંતુ તેના બદલે કેટલાક ઉદ્યોગો દ્વારા સ્પેન્ટ (Spent) એલ્યુમિનિયમ ક્લોરાઈડનો ગેરરીતે ઉપયોગ અથવા નિકાલ કરવામાં આવતો હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. સ્પેન્ટ એલ્યુમિનિયમ ક્લોરાઈડ ઔદ્યોગિક પ્રક્રિયામાં પહેલેથી વપરાઈ ચૂકેલું બાય-પ્રોડક્ટ છે, જેમાં એસિડિક અશુદ્ધિઓ અને અન્ય હાનિકારક તત્ત્વો ભળેલા હોઈ શકે છે. આવા સ્પેન્ટ કેમિકલના ઉપયોગથી વધુ પ્રમાણમાં હેઝાર્ડસ સ્લજ ઉત્પન્ન થાય છે, જેનો વૈજ્ઞાનિક રીતે નિકાલ કરવો કાયદેસર રીતે ફરજિયાત છે.

# ગુજરાતમાં આતંકી ષડયંત્રનો પર્દાફાશ, ગુજરાત અને એમપીના આઠ પકડાયા

**ગુજરાતીમાં અનુવાદિત ‘દર્સ-એ-જેહાદ’ અને રોકડ ફંડિંગ**

એટીએસની તપાસમાં સામે આવ્યું છે કે, આરોપીઓએ ગુજરાતમાં જૈશ-એ-મોહમ્મદ વતી “દારૂલ ઇસ્લામ ગુજરાત જૈશ-એ-મોહમ્મદ” નામની એક સક્રિય આંતકી તન્જીમ (સંગઠન) બનાવી હતી. તેઓ પાકિસ્તાની હેન્ડલરો ‘અબદુલ્લાહ’ અને ‘મોહમ્મદ ઉમર’ના સીધા સંપર્કમાં હતા. આ નેટવર્કનો મુખ્ય ઉદ્દેશ્ય જૈશના વડા મસુદ અઝહરના પુસ્તક ‘દર્સ-એ-જેહાદ’નું ઉર્દુમાંથી ગુજરાતી ભાષામાં ભાષાંતર કરી સ્થાનિક યુવકોનું બ્રેઈનવોશ કરવાનો અને સંગઠનમાં જોડવાનો હતો. ષડયંત્રને પાર પાડવા માટે તેઓને અંદાજે ૩ લાખનું ફંડિંગ પણ મળ્યું હતું, જેમાંથી તેઓએ એક જૂની કાર પણ ખરીદી હતી. એટીએસએ વધુ તપાસ શરૂ કરી છે કે આ તમામની સાથે અન્ય કોણ સંકળાયેલું છે અને તેઓ કોના ઈશારાથી કામ કરતાં હતાં.

**જૈશ-એ-મોહમ્મદના** મોડ્યુલ પર ATSની સર્જિકલ સ્ટ્રાઈક કરાઈ

**ગુજરાતમાં** ‘દારૂલ ઇસ્લામ’ નામની આતંકી તન્જીમ બનાવી હતી, ૩ લાખનું ફંડિંગ પણ મળ્યું

**આઠ જેહાદીઓના નામ**

(૧) અહમદ અબ્દુલ્લાહ ગાજીવાલા ઉર્ફે અબુ ઉબેદા (૧૯ વર્ષ) - નંદાસણ, મહેસાણા (૨) ઇબ્રાહિમ મોહમ્મદ હુસેન ઘઘા ઉર્ફે અબુ હમઝા (૩૦ વર્ષ) - નંદાસણ, મહેસાણા (૩) મુદસ્સિર અબ્દુલ્લાહ ગાજીવાલા ઉર્ફે અબુ આયા (૨૨ વર્ષ) - પાલનપુર, બનાસકાંઠા (૪) જકરિયા દુરાની મોહમ્મદ અમ્માર ઘઘા ઉર્ફે જકરિયા પાલનપુરી (૨૧ વર્ષ) - મદ્રેસા, સિદ્ધપુર, પાટણ (૫) મુફ્તિ ફૌજાન ઇસ્માઇલ દઉવા ઉર્ફે મુફ્તિ સાબ (૪૦ વર્ષ) - મદ્રેસા, સિદ્ધપુર, પાટણ (૬) મોહમ્મદ અમીન શેરા ઉર્ફે અમીન પાલનપુરી (૨૧ વર્ષ) - મદ્રેસા, સિદ્ધપુર, પાટણ (૭) મોહમ્મદ અબ્દુલ રહેમાન સાવદી ઉર્ફે અબુ ઉનેસા (૨૨ વર્ષ) - અંભેટા, ચીખલી, નવસારી (૮) બિલાલ દુરાની મોહમ્મદ અમ્માર ઘઘા ઉર્ફે અબુ દુજાણા (૧૮ વર્ષ - દેવાસ, મધ્ય પ્રદેશ)

ગાંધીનગરઃ ગુજરાત આતંકવાદ વિરોધી સ્કવોર્ડ દ્વારા દેશવિરોધી પ્રવૃત્તિઓ અને આતંકવાદી કાવતરાં સામે એક મોટી અને ઘાતક સર્જિકલ સ્ટ્રાઈક કરીને પાકિસ્તાન પ્રેરિત પ્રતિબંધિત આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલા આઠ (૮) સક્રિય આતંકીઓની ધરપકડ કરી છે.

આ આરોપીઓએ રાજ્યમાં “દારૂલ ઇસ્લામ ગુજરાત જૈશ-એ-મોહમ્મદ” નામની એક સક્રિય આંતકી તન્જીમ (સંગઠન) બનાવી હતી.પકડાયેલા આતંકીઓ પાસેથી જૈશના વડા મસુદ અઝહરના ‘દર્સ-એ-જેહાદ’ પુસ્તકનું ઉર્દુમાંથી ગુજરાતીમાં ભાષાંતર કરેલું સાહિત્ય, ડિજિટલ લોકરમાં છુપાવેલો જેહાદી ખજાનો, પાકિસ્તાની આકાઓને આતંકી સંગઠનમાં જોડાવા માટે લખેલા પત્રો અને ષડયંત્ર પાર પાડવા માટે મેળવેલા અંદાજે રૂ. ૩ લાખના ફંડિંગના પુરાવા મળી આવ્યા છે. એટીએસ દ્વારા આ તમામ આરોપીઓ વિરુદ્ધ અનલોકુલ એક્ટિવિટીઝ પ્રિવેન્શન એક્ટ તથા ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**મોબાઈલમાં જેહાદી ખજાનો: મસુદ અઝહરને લખેલા પત્રો જપ્ત**

એટીએસના દરોડા દરમિયાન આરોપી ઇબ્રાહિમ ઘઘાના મોબાઈલમાંથી એક ગુપ્ત એપ્લિકેશન ‘નોર્ડ લોકર’ (Nord Locker) મળી આવી છે, જેમાંથી જેહાદી કિતાબો, ઓડિયો-વીડિયો અને જૈશના ઝંડા સહિત કુલ ૨૫૪ જેટલી પ્રતિબંધિત સામગ્રીઓ મળી આવી છે. આ ઉપરાંત, જકરિયા પાલનપુરી અને મોહમ્મદ નામના આરોપીઓએ આતંકી સંગઠનમાં જોડાવા અને ‘ગઝવા-એ-હિંદ’માં શહાદત મેળવવા માટે મસુદ અઝહરને સંબોધીને ઉર્દુમાં ટાઈપ કરેલા અને હસ્તાક્ષરમાં લખેલા ૮ પત્રો પણ એટીએસને હાથ લાગ્યા છે. ગુજરાત એ.ટી.એસ. દ્વારા આ તમામ આઠેય આરોપીઓ વિરુદ્ધ અનલોકુલ એક્ટિવિટીઝ પ્રિવેન્શન એક્ટ (UAPA)ની કલમ ૧૩, ૧૭, ૧૮, ૩૮, ૩૯ અને ભારતીય ન્યાય સંહિતા (BNS) હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ તેજ કરી છે.